ફાઈનલ

જા.નં.મા-ર/ધો.૧૧/ પ્રવેશ કાર્યવાહી/ ૨૦૨૫/૬૩૨૧.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવાસદન-૨,એ/૩ જો માળ
અઠવાલાઈન્સ, સુરત.
તા. ૨૬ /૦૫/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર અને જિલ્લાની તમામ ઉચ્ચ.માધ્યમિક શાળાઓ તરફ

**વિષયઃ-** શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ બાબત.

**સંદર્ભઃ-** ૧.ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ,ગાંધીનગરના પરિપત્ર ક્રમાંકઃ મઉમશબ/સંશોધન/બઢતી/ ૨૬૨૫૦ તા.૨૪/૩/૨૦૦૮
૨.ગુ. માધ્યમિક અને ઉ.મા. બોર્ડ ગાંધીનગરના પત્ર ક્રમાકઃ મઉમશબ / સંશોધન/પ્રવેશ-૨૦૧૦૭/૧૯૭૪ તા.૨૯/૦૫/૨૦૧૭
૩.ગુ. માધ્યમિક અને ઉ.મા. બોર્ડ ગાંધીનગરના પત્ર ક્રમાકઃ મઉમશબ / સંશોધન/પ્રવેશ-૨૦૧૯/૨૨૦૦-૩૬ તા.૧૯/૦૬/૨૦૧૯
૪. ગુ. માધ્યમિક અને ઉ.મા. બોર્ડ ગાંધીનગરના પત્ર ક્રમાકઃ મઉમશબ / સંશોધન/પ્રવેશ-૨૦૨૨/૩૭૩૩-૬૭ તા.૦૭/૦૬/૨૦૨૨

જયભારત સહ ઉપરોકત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે **તા.૦૮/૦૫/૨૦૨૫** નાં રોજ ધો. ૧૦ નું પરીણામ પ્રસિધ્ધ થયા બાદ ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ અંગે નીચે જાહેર કરેલ કાર્યક્રમ મુજબ અને સંદર્ભ દર્શિત પરિપત્રમાં જણાવેલ જોગવાઇ અનુસાર નીચે મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.આ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૦૧ પ્રવેશ કાર્યવાહી **તા. ૨૭/૦૫/૨૦૨૫** થી શરૂ કરવાની રહેશે. અને પત્રક-અ માં આપેલ સમય પત્રક મુજબ પ્રવેશ કામગીરી કરવી.

૦૨. એક વર્ગમાં ૭૫ વિધાર્થીઓને પ્રવેશ આપી શકાશે. તે પૈકી ૨૫ વિધાર્થી પોતાની શાળાના, ૦૬ વિધાર્થી અન્ય શાળાના અને ૪૪ અનામત કક્ષાના વિધાર્થીઓનો સમાવેશ થશે.

૦૩.ક્રમ -૨ પૈકી પોતાની શાળાના ૨૫ અને અન્ય શાળાના ૦૬ વિધાર્થીઓને શાળા દ્વારા પ્રવશ આપવો. અનામત કેટેગરીના ૪૪ પૈકી ૨૨ વિધાર્થીઓને કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિ મુજબ આ કચેરી દ્વારા પ્રવેશ માટે ફાળવવામાં આવશે.

૦૪.પ્રવેશ કામગીરી પુર્ણ ન થાય ત્યાં સુધી શાળાની **પોતાના કાર્યાલયનો** સમય ૧૧ થી ૫ કલાકનો રાખવાનો રહેશે. ફી સ્વીકારવા માટે આ સમય

દરમ્યાન શાળા કચેરી ખુલ્લી રાખવાની રહેશે. તે સમય દરમ્યાન વિધાર્થીઓ/વાલીઓને પ્રવેશનાં નિયમો અંગેની જાણકારી / માર્ગદર્શન આપવાનું રહેશે.

**૦૫.શાળાનાં પરીણામની મેરીટ યાદીઃ**

સંદર્ભ-૨ પરિપત્રમાં જણાવ્યાનુસાર પોતાની શાળાનાં ઉત્તીર્ણ થયેલ (બિન અનામત/ એસ.સી./ એસ.ટી./ એસ.ઇ.બી.સી.સહિત) તમામ કક્ષાનાં વિધાર્થીઓની પત્રક-બ મુજબ ગુણાનુક્રમે સંયુકત મેરીટ યાદી બનાવવી. કોઇપણ સંજોગોમાં અનામત કક્ષાનાં વિધાર્થીઓને મેરીટ યાદીમાંથી બાકાત રાખવાનાં નથી. અનામત કક્ષાનાં વિધાર્થી બિન અનામત કેટેગરીમાં મેરીટ મુજબ પ્રવેશ મેળવવા હકકદાર બનતા હોય તો પ્રવેશ ફરજયાત પણે આપવાનો રહેશે. આપની કક્ષાએથી મેરીટ યાદી તૈયાર કરી આપની શાળા ના એસ.વી.એસ.ના વહીવટી અધિકારી પાસે યાદી ચકાસણી કરાવીને **તા-૨૭//૦૫/૨૦૨૫ ના રોજ ૧૧-૦૦ થી ૦૩-૦૦ કલાક દરમિયાન અચૂક** અત્રેની કચેરીએ રજૂ કરવી.

**૦૬.પોતાની શાળાનાં વિધાર્થીઓની આખરી પ્રવેશ યાદી:**

વિજ્ઞાન પ્રવાહ ધરાવતી શાળા પોતાની શાળાના એક વર્ગ દીઠ ૨૫ વિધાર્થીઆ મુજબ મંજૂર થયેલ વર્ગ પ્રમાણે પ્રવેશ આપી શકશે. વિજ્ઞાન પ્રવાહ ધરાવતી શાળાએ પોતાની શાળાનાં વિધાર્થીઓને નિયમાનુસાર ગુણાનુક્રમે પ્રવેશ આપવાનો રહેશે.શાળાના પોતાના ધોરણ -૧૦ માં પાસ થનાર વિધાર્થીઓની ઉપર (ક્રમ-૩) મુજબની યાદી પૈકી ઉમેદવારોને કોમન મેરીટમાં ગુણાનુક્રમે પ્રવેશ ફરજીયાતપણે આપવાનો રહેશે. આ કામગીરીમાં પ્રથમ / બીજી અને ત્રીજી પ્રવેશ યાદી (**વર્ગદીઠ ૨૫** પ્રમાણે) ક્રમશઃ બહાર પાડી આખરી યાદી **તા.૨૭/૦૫/૨૦૨૫** નાં રોજ ૧૨-૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે આ કચેરીને રૂબરૂમાં રજૂ કરવી.

**૦૭.અન્ય શાળાનાં વિધાર્થીઓની આખરી પ્રવેશ યાદી:**

વિજ્ઞાન પ્રવાહ ધરાવતી શાળા પોતાની શાળાના એક વર્ગ દીઠ વધુમાં વધુ ૦૬ વિધાર્થીઓ મુજબ મંજૂર થયેલ વર્ગ પ્રમાણે બહારની શાળાના વિધાર્થીઓને પ્રવેશ આપી શકશે. આ માટે શળામાં બહારની (અન્ય) શાળાઓનાં તમામ કેટેગરીનાં વિધાર્થીઓની શાળાને મળેલ અરજીઓને પત્રક- અ મુજબ ગુણાનુક્રમે ગોઠવી ક્રમશઃ ત્રણ વખત પ્રવેશ યાદી જાહેર કરી **તા.૨૭/૦૫/૨૦૨૫** નાં રોજ ૩-૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે આ કચેરીને રૂબરૂમાં રજૂ કરવી.

૦૮.દરેક શાળાએ પોતાની શાળાનાં ૨૫ અને બહારની ( અન્ય) શાળાનાં ૦૬ એમ કુલ ૩૧ વિધાર્થીઓને મેરીટનાં ધોરણે પ્રવેશ આપવાનો રહેશે. જો કોઇ એક શાળામાં પોતાની શાળાનાં પ્રવેશવાચ્છુ વિધાર્થીઓની સંખ્યા ૨૫ થી ઓછી હોય, તો ખુટતા વિધાર્થીઓ બહારની (અન્ય) શાળાનાં વિધાર્થીઓની યાદીમાંથી મેરીટ મુજબ લઇ શકશે. આમ આવા સંજોગોમાં બહારની (અન્ય) શાળાનાં વિધાર્થીઓની પ્રવેશ યાદી ૦૬ થી વધુ વિધાર્થીઓની લઇ શકશે. પરંતુ શાળા તથા બહારની (અન્ય) મળી કુલ ૩૧ ની મર્યાદામાં જ પ્રવેશ આપી શકાશે.

**૦૯.અનામત કક્ષાનાં વિધાર્થીઓ માટે :**

ઉપર ૬, ૭ અને ૮ મુજબ મેરીટ ક્રમાંકમાં પ્રવેશ મેળવી શકયા ન હોય તેવા એસ.સી./ એસ.ટી./ એસ.ઇ.બી.સી. અને આર્થિક પછાત વર્ગ નાં વિધાર્થીઓ માટે આ કચેરી દ્વારા કેન્દ્રીય પધ્ધતિ મુજબ પ્રવેશ આપવાની કાર્યવાહી **કચેરી દ્વારા** શરૂ કરવામાં આવશે. આ માટે નીચે જણાવેલ ઝોન સ્થળેથી સંબધિત વિધાર્થીઓએ પ્રવેશ ફોર્મ મેળવીને, પ્રવેશ ફોર્મ માં તમામ વિગતો ભરી, પ્રવેશ ફોર્મ સાથે શાળા છોડયાનું પ્રમાણપત્ર, ગુણ પત્રક, સક્ષમ અધિ.શ્રી પાસેથી મેળવેલ જાતિનું પ્રમાણપત્ર વગેર સાધનિક કાગળો સહિત ઝોનના સ્થળે સક્ષમ અધિકારશ્રીને રજૂ કરી પહોચ મેળવી લેવેવાની રહેશે. પ્રવેશ ફોર્મ રજૂ કરતી વખતે પ્રવેશ ફોર્મની સાથે જોડવામાં આવેલ તમામ આધારો ના **અસલ પ્રમાણપત્રો** ચકાસણી માટે રજૂ કરવાના રહશે. **ઝોન સ્થળે જો વિધાર્થી/ વાલી અસલ પ્રમાણપત્રો રજુ કરશે નહી તો તેનું ફોર્મ ઝોન કચેરી દ્વારા સ્વકારવામાં આવશે નહી. આ સુચના દરેક શાળાએ પોતાના નોટીસ બોર્ડ ઉપર વિધાર્થી અને વાલી સરળતાથી જોઇ શકે તે રીતે મૂકવી.**

**૧૦.અનામત કક્ષાના વિધાર્થીઓ : (શાળા દ્વારા પ્રવેશ)**

**૦૧.અનુસુચિત જાતિના : ૦૫ પૈકી ૦૨ વિધાર્થીઓ**
**૦૨.અનુસુચિત જન જાતિના ૧૧ પૈકી ૦૬ વિધાર્થીઓ**
**૦૩.સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ ૨૦ પૈકી ૧૦ વિધાર્થીઓ**
**૦૪.આર્થિક રીતે નબળા વર્ગો (EWS) ૦૮ પૈકી ૦૪ વિધાર્થી**
**કુલ :-૪૪ પૈકી ૨૨**

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા કેન્દ્રીકૃત- પ્રવેશ તારીખો

**ઝોન પ્રવેશ ફોર્મ વિતરણ અને પરત આપવાનાં સ્થળની વિગત:-**

| ક્રમ | પ્રવેશ ફોર્મ વિતરણ અને પરત આપવાનું ઝોન સ્થળ | ફોર્મ વિતરણ તારીખ | સમય |
|---|---|---|---|
| ૧ | સંસ્કાર ભારતી વિદ્યાલય,પાલનપૂર પાટીયા રાંદેર રોડ,સુરત | ૩૦/૦૫/૨૦૨૫ થી ૩૧/૦૫/૨૦૨૫ | ૧૦ : ૩૦ થી ૨ : ૦૦ |
| | | **આધાર પુરાવા સાથે ફોર્મ પરત લેવાની તારીખ** | |
| | | ૦૨/ ૦૬/૨૦૨૫ થી ૦૩/ ૦૬/૨૦૨૫ | |

**અગત્યની સુચનાઓ:-**

- કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિથી અનામત કક્ષાનાં વિધાર્થીઓને પ્રવેશ આપવાનો ફાળવણી પત્ર લઇ આવનાર વિધાર્થીઓને કોઇપણ પ્રકારનો વિલંબ કર્યા વગર પ્રવેશ આપી ફી સ્વીકારી, સ્વીકારેલ ફીની પાકી પહોંચ પ આપવાની રહેશે.
- પ્રવેશ મેળવેલા વિધાર્થીઓ પાસે શાળા છોડયાનું અસલ પ્રમાણપત્ર (એલ.સી.) અને ગુણપત્રકની નકલ પર પ્રવેશ આપ્યાની નોંધ સાથે આચાર્યશ્રીનો સિકકો લગાડી તારીખ સાથે કરવી. આ દસ્તાવેજોને પોતાની કસ્ટડીમાં રાખવા.
- પ્રવેશ મેળવ્યા બાદ શાળા છોડયાનુ અસલ પ્રમાણપત્ર વિધાર્થીને પાછુ આપી શકાતુ નથી. કોઇ વિધાર્થી પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થાય તે પહેલા જો પોતાનું શાળા છોડયાનું અસલ પ્રમાણપત્ર પરત માંગે તો તે સમયે શાળા છોડયાનું અસલ પ્રમાણપત્ર પરત આપવાનું નથી પરંતુ સમગ્ર જિલ્લાની પ્રવેશની કાર્યવાહી પૂર્ણ થાય બાદ પરત આપવાનું રહેશે. ડુપ્લીકેટ એલ.સી.પર જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની પુર્વમંજૂરી વગર પ્રવેશ આપવો નહિં.
- ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહનાં પ્રવેશ માટે સંદર્ભ -૨ માં આપેલ સુચનાનુસાર ધોરણ - ૧૦ નાં ગુણ પત્રકમાં દર્શાવેલ મુખ્ય પાંચ વિષયો અથવા ગણિત , વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ અંગ્રેજી એમ ત્રણ વિષયો પૈકી જે ગૃપમાં વધુ માર્કસ હોય તે ગુણ પ્રવેશ માટે ગણતરીમાં લેવા. તે મુજબ મેરીટયાદી પત્રક - બ મુજબ તૈયાર કરી પ્રવેશ આપવાનો રહેશે.
- **ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહનાં ૧ (એક) વર્ગદીઠ નીચે પ્રમાણે વિધાર્થી સંખ્યા રહેશે.**

| | | |
|---|---|---|
| (૧) | પોતાની શાળાનાં : | ૨૫ વિધાર્થીઓ |
| (૨) | અન્ય શાળાનાં : | ૦૬ વિધાર્થીઓ |
| (૩) | અનામત કક્ષાનાં : | ૪૪ વિધાર્થીઓ |
| | **કુલ :** | **૭૫** |

<u>લઘુમતી શાળાઓ માટે</u>

| | | |
|---|---|---|
| (૧) | પોતાની શાળાનાં : | ૬૯ વિધાર્થીઓ. |
| (૨) | અન્ય શાળાનાં : | ૦૬ વિધાર્થીઓ |
| | **કુલ:** | **૭૫** |

- ગ્રાન્ટ ઇન એઇડ કોડની કલમ ૫૯.૫ હેઠળનાં પરિશિષ્ટ -૧૭ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે પ્રવેશ આપવાની ફરજ શાળાનાં આચાર્યની છે .એટલે આ બાબતે ઉભા થતા તમામ પ્રશ્નોનો જવાબ શાળાનાં આચાર્યશ્રીએ આપવાનો રહેશે.

બિડાણ: ઉપર મુજબ

**જિલ્લા શિક્ષણાધિકારી,**
**સુરત જિ. સુરત.**

**<u>સૂચના:-</u>**

**<u>પ્રથમ મેરીટ યાદી જાહેર કરવાની તારીખ</u> :-**
તા.૦૩/૦૬/૨૦૨૫
**સમય:-સવારે ૧૧ : ૦૦ કલાકે**
**<u>દ્વિતિય મેરીટ યાદી જાહેર કરવાની તારીખ</u>**
**તા.૦૪/૦૬/૨૦૨૫**
**સમય :-સવારે ૧૧ : ૦૦ કલાકે**

**<u>સ્થળ</u> :- સંસ્કાર ભારતી વિદ્યાલય,પાલનપૂર પાટીયા રાંદેર રોડ,સુરત**

પત્રક:- અ

## ધો.૧૧. વિજ્ઞાન પવાહના પ્રવેશ માટે શાળા કક્ષાએ પ્રવેશ કામગીરીનો વિગતવાર કાર્યક્રમ

| ક્રમ | તારીખ | શાળા કક્ષાએ કરવાની કાર્યવાહી |
|---|---|---|
| ૧ | ૨૬/૦૫/૨૦૨૫ થી ૨૮/૦૫/૨૦૨૫ | પ્રવેશફોર્મ આપવા તથા સ્વીકારવા (શાળા કક્ષાએ) |
| ૨ | ૦૨/૦૬/૨૦૨૫ | ફોર્મ વર્ગીકરણ અને મેરીટયાદી તૈયાર કરવી. |
| ૩ | ૦૩/૦૬/૨૦૨૫ | પ્રથમ પ્રવેશ યાદી પ્રસિધ્ધ કરવી. |
| ૪ | ૦૩/૦૬/૨૦૨૫ | પ્રથમ પ્રવેશયાદી મુજબ શાળા સમયે ફી સ્વીકારી પ્રવેશ આપવો. |
| ૫ | ૦૪/૦૬/૨૦૨૫ | શાળામાં ખાલી જગ્યા રહે તો બીજી પ્રવેશયાદી પ્રસિધ્ધ કરવી. |
| ૬ | ૦૪/૦૬/૨૦૨૫ | બીજી પ્રવેશયાદી મુજબ શાળા સમયે ફી સ્વીકારી પ્રવેશ આવો. |

૧. દરેક શાળાએ પોતાની શાળાનાં ઉત્તિર્ણ વિધાર્થીઓનું નિયત નમુના મુજબ મેરીટ લિસ્ટ બનાવી **તા.**

૨. નાં રોજ બપોરે ૧૧-૦૦ કલાકે શાળાનાં નોટીસ બોર્ડ ઉપર જાહેર કરવુ. તથા મેરીટ લીસ્ટ આપની શાળાના એસ.વી.એસ.ના વહીવટી અધિકારી અને શિ.નિ. પાસે ચકાસણી કરાવી મેરીટ લીસ્ટની એક નકલ તા.

૩. ના રોજ ૧૧-૦૦ થી ૧૨-૦૦ દરમિયાન આ અત્રેની કચેરીમાં રજૂ કરવી.

૪. ઉપરોક્ત તારીખે જાહેર રજા કે રવિવાર હોય તો પણ પ્રવેશ કામગીરી ચાલુ રાખવાની રહેશે.

પ્રવેશ યાદીમાં કોઇપણ પ્રકારની ગેરરીતિ માલુમ પડશે તે માટે જે તે શાળાનાં આચાર્યશ્રીની જવાબદારી રહેશે.

---

## <u>ફોર્મ સાથે જોડવાનાં આધારો</u>

- **પ્રવેશ ફોર્મ**
- L.C
- **ધોરણ-૧૦ની માર્કશીટ**
- ST/SC/SEBC/EWS **નું જાતિનું પ્રમાણપત્ર(સક્ષમ અધિકારી દ્વારા આપેલ)**
- SEBC **નાં ઉમેદવારે નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર**

**જિલ્લા શિક્ષણાધિકારી,**
**સુરત જિ. સુરત.**

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા કેન્દ્રીકૃત પ્રવેશ તારીખો

## ધો.૧૧. વિજ્ઞાન પવાહના પ્રવેશ માટે પ્રવેશ કામગીરી બાબત

| ક્રમ | પ્રવેશ ફોર્મ વિતરણ અને પરત આપવાનું ઝોન સ્થળ | ફોર્મ વિતરણ તારીખ | સમય |
|---|---|---|---|
| ૧ | સંસ્કાર ભારતી વિદ્યાલય,પાલનપૂર પાટીયા રાંદેર રોડ,સુરત | ૨૬/૦૫/૨૦૨૫ થી ૨૮/૦૫/૨૦૨૫ | ૧૦ : ૩૦ થી ૨ : ૦૦ |
| | | આધાર પુરાવા સાથે ફોર્મ પરત લેવાની તારીખ | |
| | | ૩૦/૦૫/૨૦૨૫ થી ૩૧/૦૫/૨૦૨૫ | |